| | | |
|---|---|---|
| ૧૭ | દર્શાવેલ માહિતીઓ સિવાયની માહિતી અને તેને દરવર્ષે સુધારવા/ ઉમેરવા અંગેની વિગતો. | દર વર્ષે સાયન્સ સેન્ટર સુરત દ્વારા ૮ થી ૧૦ જેટલા હંગામી પ્રદર્શનો / પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે, જેની માહિતી સમાચાર પત્રોમાં, ઈલેકટ્રોનિક મીડિયામાં અને સુરત મહાનગરપાલિકાની વેબ સાઈટ પર પ્રકાશિત કરવામાં આવે છે. |

## સાયન્સ સેન્ટર સુરત.

સુરત મહાનગરપાલિકા સંચાલિત અને નવનિર્મિત સાયન્સ સેન્ટરના ટી.પી.સ્કીમ નં.૪ (ઉમરા –સાઉથ), ફા.પ્લોટ નં. ૧૭૪ ઉપર સીટીલાઈટ રોડ ખાતે આવેલ છે. સાયન્સ સેન્ટરમાં પ્લેનેટેરીયમ અપગ્રેડેશનની કામગીરી હાલમાં ચાલુ છે, મ્યુઝિયમ, આર્ટ ગેલેરી, ફન સાયન્સ ગેલેરી, ડાયમંડ ગેલેરી, પાવર ઓફ પ્લે ગેલેરી, એન્ટ્રી પ્લાઝા અને પાર્ક એકઝીબીટસ, ઓડીટોરીયમ, એમ્ફી થીએટર, ગજેબો, એન્ટરીંગ સ્પેશ ગેલેરી તેમજ એસ્ટ્રોનોમી થ્રુ એજીસ ગેલેરી નો સમાવેશ થયેલ છે. ટેક્ષટાઈલ ગેલેરી (ફાયબર ફેકટ) તેમજ પોલર સાયન્સ ગેલેરી ભવિષ્યમાં ડેવલપ કરવાનું આયોજન કરવામાં આવેલ છે. સાયન્સ સેન્ટરને લગતી વિગતો તેમજ માહિતી નીચે મુજબ છે.


| | |
|---|---|
| **ફોન નં.** | **: ૨૨૫૫૯૪૬–૪૭, ૯૭૨૭૭ ૪૦૮૦૭** |
| **ફેક્ષ નં.** | **: ૨૨૫૨૯૪૬** |
| Email | : sciencecentre@suratmunicipal.org |
| web site | : www.suratmunicipal.gov.in |
| **મુલાકાતનો સમય** | **: મંગળવાર થી રવિવાર સવારે ૯.૩૦ થી સાંજે ૪.૩૦,** |


સાયન્સ સેન્ટર આખા વર્ષ દરમ્યાન દર સોમવારે તથા કેટલીક રાષ્ટ્રીય અને મુખ્ય જાહેર રજાઓએ બંધ રહેશે.

**ફી અંગેની વિગત :**

**સાયન્સ સેન્ટર, મ્યુઝિયમ અને ડાયમંડ ગેલેરી**

**(C)** ૧૮ વર્ષની ઉપરની વ્યકિતઓ માટે ટીકીટનો દર રૂા.૬૦/–

**(D)** ૩ વર્ષથી ૧૮ વર્ષના બાળકો માટે ટીકીટનાં દર રૂા. ૪૦/–

**પાવર ઓફ પ્લે ગેલેરી(૩ વર્ષ થી ૧૨ વર્ષ માટે)**

**(W)** ૩ વર્ષથી ૧૨ વર્ષના બાળકો માટે ટીકીટનાં દર રૂા. ૪૦/–

**ખોજ મ્યુઝિયમ (જનરલ વિઝીટર)**

૧૮ વર્ષની ઉપરની વ્યકિતઓ માટે ટીકીટનો દર રૂા. ૬૦/–

૩ વર્ષથી ૧૮ વર્ષના બાળકો માટે ટીકીટનાં દર રૂા. ૪૦/–

**ખોજ મ્યુઝિયમ (શાળા / કોલેજના વિદ્યાર્થીઓ)**

૧૮ વર્ષની ઉપરની વ્યકિતઓ માટે ટીકીટનો દર રૂા. ૩૦/–

૩ વર્ષથી ૧૮ વર્ષના બાળકો માટે ટીકીટનાં દર રૂા. ૨૦/–

સાયન્સ સેન્ટરમાં પ્રથમ માળ પર ફન સાયન્સ ગેલેરી, પ્લેનેટેરીયમ, એન્ટરીંગ સ્પેસ ગેલેરી તેમજ પાવર ઓફ પ્લે ગેલેરી આવેલ છે. જયારે મધ્ય માળ પર ઓડીટોરીયમ છે બીજા માળ પર ડાયમંડ ગેલેરી અને એસ્ટ્રોનોમી, થ્રુ એજીસ ગેલેરી આવેલ છે અને ૩ડી થીયેટર તેમજ સોવેનીયર શોપ ભોંયતળીયા પર છે.

**ફન સાયન્સ ગેલેરી :–**

ફન સાયન્સ ગેલેરીમાં સાયન્સને લગતા અલગ અલગ ૫૯ એકઝીબીટસ ડીસપ્લે કરવામાં આવેલા છે જે વિધાર્થીઓને જ્ઞાન ગમ્મત સાથે વિજ્ઞાનનાં નિયમોની સરળ સમજણ આપે છે.

**પ્લેનેટેરીયમ :–**

પ્લેનેટેરીયમનું સ્ટ્રકચર ૧૬.૩૦ મીટર વ્યાસના બહારથી સ્ટેનલેસ સ્ટીલ પ્રકારના મેટલમાંથી ગોળ આકારમાં બનાવવામાં આવ્યું છે, જેમા ૧૪.૫ મીટરમાં પ્રોજેકશન ડોમ છે તથા અધતન ટેકનોલોજી Digi STAR 3 દ્વારા આકાશ દર્શન – શો બતાવવામાં આવે છે. પ્લેનેટેરીયમમાં ૧૪૦ બેઠકની ક્ષમતા છે. (પ્લેનેટેરીયમ અપગ્રેડેશનની કામગીરી હાલમાં ચાલુ છ)

**<u>ડાયમંડ ગેલેરી</u> :–**

ડાયમંડ ગેલેરીમાં "હીરાનું" આખું જીવનચક્ર (ખાણકામ થી પોલિશિંગ સુધી) ૮ ઓડિયો વિઝયુઅલ ખંડો અને સહાયક ગ્રાફિકસ વડે બતાવવામાં આવે છે. હીરાકાકાનું રમુજી પાત્ર આખા શોને વધુ રસમય બનાવે છે. હીરાને લગતી વિવિધ પ્રક્રિયાઓ દર્શાવતા જુદા જુદા મોડલ પણ આ વિભાગમાં પ્રદર્શિત કરવામાં આવેલ છે.

**<u>૩ડી થીયેટર :–</u>**

૩ડી ફિલ્મએ એવું ગતિમાન ચિત્ર છે જે ઉંડાણની ભ્રમણા સર્જે છે. ઈ.સ.૧૯૫૦ થી ૩ડી ફિલ્મ તેના પ્રારંભિક સ્વરૂપે અસ્તિત્વમાં હતી. પ્રવર્તમાન સમયમાં તે વધુ ને વધુ સફળ અને પ્રખ્યાત થઈ છે. સાયન્સ સેન્ટર સ્થિત ૩ડી થીયેટર ઉચ્ચ શ્રેણીની શ્રાવ્ય પધ્ધતિ અને સુમેળભર્યા વાતાવરણથી સજ્જ દશ્ય શ્રાવ્ય ખંડ છે, જે મુલાકાતીઓને અવિસ્મરણીય અનુભવ આપે છે અને તેમાં રહેલી ચોંકાવી નાંખનાર બાબતો દ્વારા વિજ્ઞાનને વધુ સારી રીતે રજુ કરવામાં આવે છે.

**<u>સ.વ. પટેલ મ્યુઝિયમ</u> :–**

**સરદાર વલ્લભભાઈ પટેલ મ્યુઝિયમમાં ૧૫,૦૦૦ થી વધુ પૂરાતન કલાકૃતિઓ છે. વિવિધ સુચીઓ : કાષ્ઠકળા, ચિનાઈ માટી, તાંબા અને કાંસા, કાપડ, સિકકા, ચિત્રો, લઘુચિત્રો હસ્તપ્રતો અને શિલ્પો વગેરેમાં વિભાજિત થાય છે. સંગ્રહાલયને ભૂતકાળની કેટલીક શતાબ્દીના સમૃધ્ધ વારસાના પ્રતિબિંબ તરીકે વિકસાવવામાં આવ્યું છે કળા, સંસ્કૃતિ અને શિક્ષણના ક્ષેત્રમાં તે સબળ સોપાન ધરાવે છે. (હાલમાં મ્યુઝિયમની કલાકૃતિઓ ચોક સ્થિત કિલ્લા ખાતે સ્થળાંતરીત કરવામાં આવેલ છે)**

**<u>પાવર ઓફ પ્લે ગેલેરી</u>**

**પાવર ઓફ પ્લે ગેલેરી ૩ થી ૧૨ વર્ષના બાળકોને પ્રયોગાત્મક અનુભવ મળે તે રીતે બનાવવામાં આવી છે. ગેલેરીમાં 'હેલો હેલો' ,'સીટી મારતી ટ્રેન', 'બમ્પી ટ્રેક' વિગેરે જેવા પરસ્પર સંવાદાત્મક એકઝીબીટસ છે જે રમત દ્વારા જ્ઞાન આપે છે. બાળકો અહીં માનવ શરીર, વિવિધ ભૌમિતીક આકારો, શાકભાજી અને ફળો વિગેરે વિશે જાતે માહિતી પ્રાપ્ત કરે છે. બાળકોમાં સર્જનાત્મકતા જાગૃત કરવા અને તેમને સક્રિય શિક્ષણ માટે પ્રેરિત કરવા પાવર ઓફ પ્લે ગેલેરી યોગ્ય સ્થળ છે.**

**<u>એન્ટ્રી પ્લાઝા અને પાર્ક એકઝીબીટસ</u>**

**એન્ટ્રી પ્લાઝા એકઝીબીટમાં સેડલ, સાઈકલોઈડ, એપીસાઈકલોઈડ, ઈનવોલ્યુટ, જીઓડેસીક વિગેરે જેવા જુદા જુદા ભૌમિતિક આકાર ધરાવતી બેઠક વ્યવસ્થા છે. મુલાકાતીઓ આ આકારો પર બેસી શકે છે અને આ ભૌમિતિક આકારોના ગુણધર્મો વિશે જાણી શકે છે. તેમાં બૌધ્ધિક કોયડા આધારિત રમત પણ છે જેને તેન ગ્રામ કહે છે, જે મુલાકાતીઓને ભૌમિતિક આકારો સમજવામાં મદદરૂપ થાય છે.**

**પાર્ક એકઝીબીટમાં પેન પાઈપ, ઝડપી ચકરી, પાંજરામાં જેવા નવ (૯) જેટલાં મજબૂત એકઝીબીટસનો સમાવેશ થાય છે. આ એકઝીબીટ વિજ્ઞાનના વિવિધ સિધ્ધાંતો જેવા કે ગુરુત્વાકર્ષણ, યાંત્રિક શકિત, આઘાત અને પ્રત્યાઘાત, પરાવર્તન, અનુનાદ, કોણીય વેગમાન, પ્રકાશ વિજ્ઞાન પર આધારિત છે. મુલાકાતીઓ જાતે જ એકઝીબીટનો ઉપયોગ કરવા દ્વારા પોતાની જાતને તેની સાથે સાંકળી વિજ્ઞાનના સિધ્ધાંતો શીખી શકે છે.**

**એન્ટરીંગ સ્પેસ ગેલેરી**

**આ ગેલેરીમાં અવકાશ અને તેની વિવિધ આશ્ચર્યકારક માહિતીઓ દર્શાવવામાં આવેલી છે. સૂર્યમંડળના વિવિધ ગ્રહો વિશે ઉંડાણપૂર્વક રસપ્રદ વિગતો દર્શાવવામાં આવેલ છે તથા એકઝીબીટસની મદદથી અવકાશવિજ્ઞાન વિશેની વિગતો પ્રદર્શિત કરવામાં આવી છે. મનુષ્ય દ્વારા અવકાશમાં લઈ જઈ શકાય તેવી જરૂરી ખાદ્યસામગ્રી અને સાધનો વિશે માહિતીસભર વિગતો આ ગેલેરીમાં મૂકવામાં આવેલ છે.**

**એસ્ટ્રોનોમી, થ્રુ એજીસ ગેલેરી**

**આ ગેલેરીમાં વિજ્ઞાનની સૌથી જૂની શાખા, એસ્ટ્રોનોમી(ખગોળશાસ્ત્ર)ની શરૂઆતથી લઈ આજની મોર્ડન એસ્ટ્રોનોમી સુધીની સફર વિશે ઉંડાણપૂર્વક માહિતી આપવામાં આવી છે. ઉપરાંત ટેલીસ્કોપના ઉદ્દભવથી અર્વાચીન ટેલીસ્કોપ સુધીની માહિતી વિવિધ વર્કીંગ મોડેલ દ્વારા બતાવવામાં આવેલ છે. અર્વાચીન એસ્ટ્રોનોમીના વણઉકેલ્યા પ્રશ્નોની રસપ્રદ વિગતો પણ રજુ કરવામાં આવેલ છે.**

**ખોજ મ્યુઝિયમ**

**''ખોજ મ્યુઝિયમ'' સુરતમાં મુખ્યત્વે બે ગેલેરીઓ તથા એક કાર્યશાળા અને 'હોલ ઓફ ફેમ'નો સમાવેશ થાય છે. 'વાયરોસ્ફીયર' ગેલેરી વાઈરસ (વિષાણું) અને તેના જીવનના વિવિધ પાસાઓ વિશે સમજ આપે છે. અન્ય ગેલેરી 'સ્થાયી વિકાસ ધ્યેયો (Sustainable Development Goal)' થીમ આધારીત છે.**

# સુરત મહાનગરપાલિકા

## સાયન્સ સેન્ટર

## પરિશિષ્ટ–એ

### –: રીઝર્વેશન/બુકીંગ અંગેના નિયમો :–

(૧) સાયન્સ સેન્ટર ખાતે આવેલ ઉપરાંત તમામ ઓડીટોરીયમ અને રંગઉપવન–ચં.ચી.મહેતા નાટ્યગૃહનું બુકીંગ સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ www.suratmunicipal.gov.in પરથી ઓનલાઈન તેમજ સુરત મહાનગરપાલિકાના નાગરીક સુવિધા કેન્દ્ર ખાતેથી ડીમાન્ડ ડ્રાફટ કે રોકડ રૂપિયા ભરપાઈ કરી ઓફલાઈન(કચેરી સમય દરમ્યાન) કરાવી શકાશે. અન્ય માહિતી માટે કચેરીની મુલાકાતનો સમય અઠવાડિક રજા કે જાહેર રજાના દિવસો સિવાય સવારે ૧૧:૦૦ થી ૨:૦૦નો રહેશે.

(૨) સાયન્સ સેન્ટર ખાતે આવેલ ઓડિટોરીયમ, એમ્ફીથીયેટર, આર્ટ ગેલેરીનો ઉપયોગ જે તારીખે કરવાનો હોય તે તારીખથી વધુમાં વધુ ૧૫૦ દિવસ અગાઉ અને ઓછામાં ઓછા ૭ દિવસ અગાઉથી બુકીંગ કરવાનું રહેશે. આ સમય મર્યાદામાં ફેરફાર કરવાની સત્તા મ્યુનિ. કમિશ્નરશ્રી અથવા તેમના અધિકૃત અધિકારીશ્રીની રહેશે.

(૩) જો કોઈ તારીખે કોઈપણ સંસ્થા યા વ્યકિત તરફથી ઓડિટોરીયમ, એમ્ફીથીયેટર, આર્ટ ગેલેરીનું અગાઉથી રીઝર્વેશન મેળવવામાં આવ્યું હશે તેમ છતાં કોઈ અનિવાર્ય સંજોગો ઉભા થાય અથવા સરકારી કે અર્ધસરકારી કાર્યક્રમનું આયોજન કરવાનું થાય તો તેવું રીઝર્વેશન કોઈપણ કારણો જણાવ્યા સિવાય રદ કરવાની સત્તા મ્યુનિ.કમિશ્નરશ્રીને રહેશે. રીઝર્વેશન રદ કરવા બદલ કોઈપણ નુકશાની ચુકવવાની થતી જવાબદારી મહાનગરપાલિકાની રહેશે નહીં તથા તે અંગે કોઈપણ જાતની તકરાર ચાલશે નહીં. સદર કિસ્સામાં રીઝર્વેશન રદ કરવા બદલ ભાડા તેમજ ડિપોઝીટની રકમ સંપૂર્ણ રીફંડ કરવામાં આવશે.

(૪) કોઈપણ સંસ્થા અગર વ્યકિતને એકી સાથે ૧૫ દિવસથી વધુ સળંગ સમય માટે ઓડિટોરીયમ, એમ્ફીથીયેટર, આર્ટ ગેલેરી વાપરવા માટેનું રીઝર્વેશન મળી શકશે નહીં. તેમ છતાં જો આવી કોઈ માંગણી આવે તો તેવા સંજોગોમાં યોગ્યતા મુજબ ફાળવણી કરવાની સત્તા મ્યુનિ. કમિશ્નરશ્રીની રહેશે.

(૫) ઓડીટોરીયમનો ઉપયોગ કરવા માટે જે તારીખનું રીઝર્વેશન મેળવવામાં આવ્યું હોય તે તારીખ/સેશન/ કાર્યક્રમનો પ્રકાર સામાન્ય સંજોગોમાં બદલી આપવામાં આવશે નહીં. પરંતુ કોઈ ખાસ સંજોગોમાં તારીખ/સેશન/ કાર્યક્રમનો પ્રકાર બદલી આપવાની સત્તા વિભાગીય વડાશ્રીને રહેશે. જે માટે અરજદારે પરિશિષ્ટમાં જણાવેલ રકમ મુજબ વધારાની ફી ચુકવવાની રહેશે. આ પ્રમાણે બદલી આપવામાં આવેલી નવી તારીખ અને સેશન નકકી થયેલ તારીખથી દિન–૬૦ ની સમયમર્યાદામાં મહત્તમ બુકીંગના દિવસની હોવી જોઈએ. કોઈપણ કિસ્સામાં તારીખ અને સેશન બદલી આપવી કે નહી તે અંગેનો નિર્ણય વિભાગીય વડાશ્રીનો આખરી રહેશે. તેવી જ રીતે ઉકત ઓડીટોરીયમનો ઉપયોગ કરવા માટે જે કાર્યક્રમ માટે બુકીંગ કરાવ્યું હોય અને ખાસ સંજોગોમા કાર્યક્રમનો પ્રકાર બદલવામાં આવે તો અરજદારે વધારાની ફી પરિશિષ્ટમાં જણાવેલ રકમ તથા પરિશિષ્ટમાં જણાવેલ બદલાયેલા ભાડા/એ.સી.ચાર્જ ના તફાવતની રકમ ભરવાની રહેશે.

(૬) રીઝર્વેશન મેળવનાર વ્યકિત અગર સંસ્થા ધ્વારા કોઈ સંજોગોમાં ઓડિટોરીયમ, એમ્ફીથીયેટર, આર્ટ ગેલેરીનો ઉપયોગ ન કરવો હોય તેવા પ્રસંગે અરજદારે ઓનલાઇન કેન્સલ કરવાનું રહેશે. જે તારીખ માટે રીઝર્વેશન મેળવ્યું હોય તેની સમય મર્યાદા
અનુસાર નીચે મુજબની રકમ તેમજ લાગુ પડતા નિયમ મુજબના ટેક્ષ કાપી લઈ બાકી રકમનું રીફંડ આપવામાં આવશે.

**કાર્યક્રમ રદ કરવા બાબતે રીફંડનું પત્રક**

| અ.ન | કાર્યક્રમની તારીખથી | હોલભાડું તથા એરકન્ડીશન ચાર્જની ભરેલી રકમ/ફી માંથી કપાત રકમ |
|---|---|---|
| (૧) | ૧૨૧ દિવસ કે તેથી વધુ દિવસ | ૨૫ % |
| (૨) | ૩૧ દિવસ અને ૧૨૦ દિવસની અંદર | ૫૦ % |
| (૩) | ૧૬ દિવસ અને ૩૦ દિવસની અંદર | ૭૦ % |
| (૪) | ૮ દિવસ પહેલાં અને ૧૫ દિવસની અંદર | ૯૦% |
| (૫) | ૭ દિવસ ની અંદર | ૧૦૦% |

| | |
|---|---|
| (૭) | બુકીંગમાં જે વ્યકિત અગર સંસ્થાનું નામ કાર્યક્રમના પ્રાયોજક તરીકે દર્શાવવામાં આવ્યુ હશે તેમાં કોઈપણ સંજોગોમાં ફેરફાર કરવા દેવામાં આવશે નહી અર્થાત પ્રાયોજક સિવાયની કોઈપણ અન્ય ત્રાહિત વ્યકિત તે કાર્યક્રમ અંગે ઓડીટોરીયમનું પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે રીઝર્વેશન મેળવી શકશે નહીં. ઓડીટોરીયમ ભાડે રાખનાર કોઈ બીજાને પેટા ભાડે આપી શકશે નહીં અથવા નામ ફેર કરી શકશે નહીં. અરજદાર સિવાયની કોઈપણ અન્ય વ્યકિત કે સંસ્થા ધ્વારા કાર્યક્રમ યોજવા દેવામાં આવશે નહીં. આ નિયમનો ભંગ કર્યાનું માલુમ પડશે તો સબંધકર્તા વ્યકિત અગર સંસ્થા ધ્વારા આ અરજી સાથે ભરવામાં આવેલી તમામ રકમ જપ્ત કરવામાં આવશે તથા રીઝર્વેશન આપોઆપ રદ થયેલું ગણાશે. આયોજક નિયમોનો ઈરાદાપૂર્વક ભંગ કરશે તો તેમને કાળી યાદીમાં મૂકવામાં આવશે. અને અરજી સાથે ભરેલ ડીપોઝીટ જપ્ત કરવામાં આવશે. |
| (૮) | કુદરતી આફત અગર જાહેર સુલેહ શાંતિ જોખમાય તેવા અસામાન્ય સંજોગોમાં કાર્યક્રમ રદ કરવાની પરિસ્થિતિ ઉભી થાય તો તેવા સંજોગોમાં ડીપોઝીટ તથા ચાર્જીસની પૂરેપુરી રકમનું રીફંડ આપવાની સત્તા મ્યુનિ.કમિશનરશ્રીને રહેશે. |
| (૯) | કાર્યક્રમ ચાલુ હોય તે સમય દરમ્યાન કુદરતી આફત અગર જાહેર સુલેહ શાંતિ જોખમાય તેવા સંજોગોમાં કાર્યક્રમ અડધેથી બંધ કરાવવાની સત્તા વિભાગીય વડાશ્રીને રહેશે અને તે માટે કોઈ રીફંડ આપવામાં આવશે નહીં. |
| (૧૦) | કોઈપણ કાર્યક્રમ માટ ઓડિટોરીયમ, એમ્ફીથીયેટર, આર્ટ ગેલેરી વાપરવાની પરવાનગી આપવી કે નહીં તે બાબતનો નિર્ણય કરવાની સત્તા મ્યુનિ. કમિશ્નરશ્રી અથવા તેમના અધિકૃત અધિકારીશ્રીને રહેશે. |

## ઓડીટોરીયમનો ઉપયોગ કરવા સંબંધી નિયમો

| | |
|---|---|
| (૧) | ઓડીટોરીયમનો ઉપયોગ કરવા માંગતી વ્યકિત અગર સંસ્થાએ ઓડીટોરીયમની ફી તથા એ.સી. ચાર્જ તથા કાર્યક્રમને અનુરૂપ ડીપોઝીટ જે તે પરિશિષ્ટ મુજબ ભરવાની રહેશે. |
| (૨) | વ્યવસાયી મનોરંજન કાર્યક્રમ જેવા કે મ્યુઝીકલ, ડાન્સ અગર જનસેવા કાર્યક્રમોમાં ફીલ્મી જગતના ફીલ્મ સ્ટારો, પાર્શ્વગાયકો, સંગીત નિર્દેશકો વિગેરે જેવા નામાંકિત વ્યકિતઓ હાજરી આપવાની હોય અગર ભાગ લેવાની હોય અને તેવી જાહેરાત કરવામાં આવી હોય તેવા કાર્યક્રમો તે પ્રકારના અન્ય કાર્યક્રમો માટે ઉપરોકત ડીપોઝીટ ઉપરાંત રૂા.૫,૦૦૦/– કે તેથી વધુ રકમ સીકયુરીટી ડીપોઝીટ તરીકે ભરવાની રહેશે. તથા કાર્યક્રમના પ્રકાર અનુસાર વધારાની ડિપોઝીટ લેવાની સત્તા ઓડીટોરીયમના ખાતાધિકારીશ્રીને રહેશે. |
| (૩) | તમામ ઓડીટોરીયમ વાપરવા માટે સંબંધિત પરિશિષ્ટમાં જણાવ્યા પ્રમાણેના સમયખંડો (સેશન) રહેશે. કાર્યક્રમનો સમય પ્રેક્ષકોનો ઈન અને આઉટ સાથે વધુમાં વધુ ૩.૫ કલાકનો જ રહેશે.<br>સવારનું સેશન : ૦૯:૩૦ થી ૦૧:૦૦, બપોરનું સેશન : ૦૩:૦૦ થી ૦૬:૩૦, રાત્રીનું સેશન : ૦૯:૦૦ થી ૧૨:૩૦ નું રહેશે. તેમજ નિર્ધારીત સેશન દરમ્યાન જો પ્રેક્ષકો બદલાશે તો જેટલી વખત પ્રેક્ષકો બદલાશે તેટલા સેશન ગણવામાં આવશે. તે મુજબ વધારાનું હોલ ભાડું, એ.સી. ચાર્જ તથા અન્ય ચાર્જ ભરપાઈ કરવાના રહેશે. |
| | (અ) સમયખંડની સમયમર્યાદામાં પરવાનાને આધિન રહીને આકસ્મિક સંજોગોમા વધુ સમય માટે કાર્યક્રમ ચાલશે તો દર અડધો કલાક અગર તેના ભાગ દીઠ નિયત કરેલ વધારાનો દર આપવાનો રહેશે. તેમ છતાં વધારાનો સમય વધુમાં વધુ એક કલાકનો જ રહેશે. આકસ્મિક સંજોગોમાં વધારાનો સમય એક કલાક ઉપરાંતના વધારાના સમય માટે હોલ ભાડું તથા એ.સી.ચાર્જ એક સેશન જેટલો ચાર્જ ભરવાનો રહેશે.<br>(બ) પ્રત્યેક સમયખંડના પ્રારંભ પહેલા ફકત ૨ કલાક અગાઉ લાઈટ, સાઉન્ડ, સ્ટેજ ડેકોરેશન માટે ઓડીટોરીયમનો કબજો પરિસ્થિતિ અનુસાર સ્ટેજ ડેકોરેશન વિગેરેની પૂર્વ તૈયારી માટે વિના મૂલ્યે આપવામાં આવશે. પરંતુ તેના કરતા વધુ સમય માટે માંગણી કરવામાં આવશે/કબ્જો લેવામાં આવશે તો સંબંધિત પરિશિષ્ટમાં જણાવ્યા મુજબ ડીપોઝીટમાંથી નિયત ચાર્જ વસૂલ લેવામાં આવશે. આ અંગે અગાઉથી બુકીંગ કરાવનાર/આયોજકશ્રીએ જાણ કરવાની રહેશે. આ નિયમ હેઠળ અગાઉનું સેશન ખાલી હશે તો જ હોલ ફાળવવામાં આવશે. તેવી જ રીતે કાર્યક્રમ પુર્ણ થયા બાદ ૩૦ મીનીટમાં ખાલી કરવાનું રહેશે, તેમજ ત્યારબાદ સેશન ખાલી હશે તો નિયત કરેલ ચાર્જ વસુલ કરી ફાળવવામાં આવશે.<br>(ક) કાર્યક્રમ અગાઉ સ્ટેજ ડેકોરેશન વિગેરેની પૂર્વ તૈયારી માટે ઉપયોગ કરનાર હોય જેમાં એ.સી. વપરાશ કરવામાં આવે તો એ.સી. ચાર્જ પુરા સેશનના ઉપરાંત વીજળી બળતણ ચાર્જ ભરેલ ડીપોઝીટમાંથી વસુલ કરવામાં આવશે. |
| (૪) | નિયત કરેલ સળંગ બે/ત્રણ સેશન એક જ વ્યકિત કે સંસ્થાને નામે બુકીંગ કરેલ હોય તો સમયખંડને સંજોગો |

| | |
|---|---|
| | અનુસાર ફેરફાર કરવાની સઃભ ખાતાધિકારીશ્રીને રહેશે. |
| (૫) | (૧) ઓડીટોરીયમનો ઉપયોગ કરવા માટે હોલ ભાડું, એ.સી.ચાર્જ અને ડીપોઝીટ સંબંધિત પરિશિષ્ટમાં જણાવ્યા મુજબ લેવામાં આવશે અને પરિશિષ્ટ મુજબની સુવિધા આપવામાં આવશે. પરંતુ વીજળી, એરકન્ડીશન, ફર્નીચર વિગેરે ચાર્જીસ અચુક આપવાના રહેશે તેમજ દર વર્ષે ૧લી એપ્રિલના રોજથી સંબંધિત પરિશિષ્ટમાં જણાવ્યા મુજબના હોલ ભાડું તથા એ.સી.ચાર્જમાં ૫% નો ક્રમિક વધારો કરવાનો રહેશે. ૫% ના ક્રમિક વધારો કરતા જે રકમ મળે તે રકમને નજીકના ૧૦૦ના ગુણાકમાં રૂપાંતર કરવાની રહેશે. (દા.ત. વધારા બાદની રકમ જો ૧ થી ૫૦ રૂપિયાની વચ્ચે આવે તો ૦ રૂપિયા વધારો કરવો અને ૫૧ થી ૧૦૦ રૂપિયાની વચ્ચે આવે તો ૧૦૦ રૂપિયાનો વધારો કરવો.)<br>(૨) નોંધાયેલ ધાર્મિક સંસ્થાને ફકત ધાર્મિક કાર્યકમ માટે ફકત હોલ ભાડામાંથી ૨૫% માફી આપવાની સત્તા સ્થાયી સમિતિને અને ૧૦૦% માફી આપવાની સત્તા સામાન્ય સભાને રહેશે. જેમાં નોધાયેલ ધાર્મિક સંસ્થાના નામનું બેન્ક એકાઉન્ટ હોવું આવશયક રહેશે.(નોધઃ– સૌ પ્રથમ નિયમાનુસારનું બુકીંગ કરાવી તે અંગેની રસીદ જે તે ઓડીટોરીયમ ખાતે રજુ કરવાની રહેશે. ત્યારબાદ જ ઉકત માફી મેળવવાની રહેશે.) આ સિવાયની કોઈપણ સંસ્થાને ઓડીટોરીયમ કોઈપણ સંજોગોમાં વિના મૂલ્યે આપી શકાશે નહી.<br>(૩) તહેવારો કે એવા મહત્વના અસાધારણ પ્રસંગોએ ફકત રાજય સરકારશ્રી / કેન્દ્ર સરકારશ્રી કક્ષાના કાર્યક્રમો માટે સરકારી સંસ્થાઓને ફકત હોલ ભાડામાંથી મુકિત આપવાની સત્તા મ્યુનિ.કમિશ્નરશ્રીને રહેશે.<br>(૪) સુરત મહાનગરપાલિકાના હેતુ માટે વપરાશ કરવાની જરૂરિયાત જણાય તો તેવા કિસ્સામાં તમામ પ્રકારના ખર્ચમાંથી મુકિત આપી ફાળવી આપવા અંગે બુકીંગ કરનાર વિભાગના વિભાગીય વડાશ્રીને સત્તા રહેશે.<br>(૫) વર્ષ દરમ્યાન નકકી થયેલ રાષ્ટ્રીય તેમજ જાહેર તહેવારો પૈકી . . .<br>અમુક તહેવારો જેવા કે મકરસંક્રાતિ, પ્રજાસત્તાક દિન, ધુળેટી, જન્માષ્ટમી, રક્ષાબંધન, સ્વાતંત્ર્ય દિન, અનંત ચૌદશ, ગાંધી જયંતિ દિન, દિવાળી, નુતન વર્ષ દિન, ભાઈબીજ અને મોહરમ જેવા તહેવારોમાં નીતિ નિયમ મુજબ રાષ્ટ્રીય તેમજ ધાર્મિક તહેવાર દરમ્યાન જાહેર રજાના દિવસોએ ફકત રાજય સરકારશ્રી / કેન્દ્ર સરકારશ્રી કક્ષાના કાર્યક્રમો માટે નિયમોનુસાર બુકીંગ કરાવી ફાળવી શકાશે. પરંતુ અન્ય કોઈપણ સંસ્થાઓને કોઈ પણ સંજોગોમાં ફાળવી શકાશે નહી.<br>ઉકત તહેવારો પૈકી પ્રજાસત્તક દિન, જન્માષ્ટમી, સ્વાતંત્ર્ય દિન, ગાંધી જયંતિ દિન તથા મોહરમ જેવા તહેવારોમાં નીતિ નિયમ મુજબ રાષ્ટ્રીય તેમજ ધાર્મિક તહેવાર દરમ્યાન જાહેર રજાના દિવસોએ કોઈપણ સંસ્થાઓને નિયત કરેલ ભાડા અને એ.સી. ચાર્જ મળી કુલ ચાર્જનો ત્રણ ગણો ચાર્જ વસુલ કરી ફાળવવા અંગેની સત્તા મ્યુનિ. કમિશ્નરશ્રીને રહેશે.<br>(૬) ઉપરોકત તમામ કાર્યક્રમના આયોજનકર્તાએ સંબંધિત વિભાગ પાસેથી મેળવવાના રહેતા તમામ પરવાના મેળવીને કાર્યક્રમ અગાઉ રજૂ કરવાના રહેશે. |
| (૬) | વીજળી/જનરેટર(જે ઓડીટોરીયમ ખાતે ઉપલબ્ધ હોય ત્યાં) વપરાશ અંગે યુનિટના દરમાં વખતો વખત સુધારા વધારા તેમજ ફર્નિચર, ફીક્ષર, લાઈટ વિગેરે ભાડા નકકી કરવા/ સુધારા વધારા કરવાની સત્તા વિભાગીય વડાશ્રીને રહેશે. |
| (૭) | જે તે ઓડીટોરીયમમાં ઉપલબ્ધ જનરેટરનો ઉપયોગ કરવામાં આવે તો પ્રતિ યુનિટ નિયત કરેલ ચાર્જ વસુલ કરવામાં આવશે. |
| (૮) | કાર્યક્રમોના પ્રકાર / ઉપયોગીતા પ્રમાણે વધારાની ડીપોઝીટ લેવાની સત્તા ખાતાધિકારીશ્રીને રહેશે. |

## પરિશિષ્ટ–બી

## –: પ્રાયોજકની જવાબદારી અને ફરજો :–

| | |
|---|---|
| (૧) | કોઈ પ્રાયોજક તેના કાર્યક્રમ માટે પોતે જે કોઈ પોતાની સાધન–સામગ્રી સેટીંગ, ફર્નિચર તથા લાઈટ અંગેની સામગ્રીઓ લાવે તો પ્રાયોજકે તેવી વસ્તુઓની યાદી ઓડીટોરીયમના મેનેજરશ્રી અથવા ઓડીટોરીયમ ખાતે ઉપલબ્ધ સ્ટાફને આપી તેવી વસ્તુઓ તેમને રૂબરૂ બતાવવાની રહેશે તથા કાર્યક્રમ બાદ આવી વસ્તુઓ નિર્ધારીત સમય મર્યાદામાં બતાવીને લઈ જવાની રહેશે. વધુમાં વધારાના સાધનો લાવવા માટે જરૂરી જાણ/પરવાનગી અગાઉથી લેવાની રહેશે. |
| (૨) | કાર્યક્રમ અંગે વધારાનું ફર્નિચર, સેટીંગ્સ, લાઈટ, માઈક, પડદા, પ્રોપર્ટી વિગેરેની પ્રયોજકોને જરૂરી હશે તો તેવી જરૂરિયાત અંગે કાર્યક્રમના બે દિવસ અગાઉથી અરજી કરવાની રહેશે. જે અનુસાર જે સાધન–સામગ્રી ઉપલબ્ધ હશે |

| | |
|---|---|
| | તે પરિશિષ્ટ અનુસાર નિર્ધારીત ભાડાની રકમ ડીપોઝીટમાંથી વસુલ લઈ તેવી સામગ્રી ઉપલબ્ધ કરવામાં આવશે. આવી તમામ સાધન સામગ્રી કાર્યક્રમ પૂર્ણ થયા બાદ તુરત જ સહી સલામત પરત કરવાની પ્રાયોજકની જવાબદારી રહેશે. આ સામગ્રીને થયેલ નુકશાનીની રકમ ડીપોઝીટમાંથી કાપી લેવામાં આવશે. |
| (૩) | ઓડીટોરીયમમાં ઉપલબ્ધ સાઉન્ડ સીસ્ટમનો સંપૂર્ણ ઉપયોગ કરવાનો રહેશે. તે સિવાય જો પ્રાયોજકને વધારાના સાઉન્ડ સીસ્ટમની જરૂરીયાત જણાય તો સંપૂર્ણ સાઉન્ડ સીસ્ટમ પ્રાયોજકે પોતાની લાવવાની રહેશે તેમજ ઓડીટોરીયમમાં ઉપલબ્ધ સાઉન્ડ સીસ્ટમનો ઉપયોગ કરી શકશે નહી. આવા સંજોગોમાં નિયત કરેલ ભાડામાંથી કોઈ પણ પ્રકારની રાહત આપવામાં આવશે નહી. |
| (૪) | ઓડીટોરીયમની લાઈટ અને સાઉન્ડ વિગેરેની કન્ટ્રોલ કેબીનમાં અધિકૃત ઓપરેટર સિવાય અન્ય કોઈ વ્યકિતને પ્રવેશ આપવામાં આવશે નહીં. દરેક પ્રાયોજકે કાર્યક્રમ દરમ્યાન પ્રેક્ષાગારના પ્લાનમાં દર્શાવ્યા મુજબની હરોળમાં મુકરર કરવામાં આવેલી બેઠકો ફરજીયાત રીતે વિનામૂલ્યે અનામત રાખવાની રહેશે. |
| (૫) | કાર્યક્રમ દરમ્યાન ઓડીટોરીયમના સ્ટેજ ઉપર કાર્યક્રમમાં ભાગ લેનાર કલાકારો તથા નેપથ્યના કસબીઓ તથા અન્ય કોઈ વ્યકિત જે અગત્યના કારણોસર કાર્યક્રમ સાથે સંકળાયેલા હોય તે સિવાયની કોઈપણ અન્ય વ્યકિતને પ્રાયોજકે દાખલ થવા દેવાના નથી. આવી બિનજરૂરી વ્યકિતઓને મેનેજમેન્ટ સ્ટેજ ઉપરથી દૂર કરી શકશે. કાર્યક્રમ સાથે સીધી રીતે સંકળાયેલ વ્યકિતઓની ઓળખ માટે પ્રાયોજકે બેચ પુરા પાડવાના રહેશે. જે ધારણ કર્યા સિવાયની વ્યકિતઓને સ્ટેજ ઉપર પ્રવેશ મળી શકશે નહીં. |
| (૬) | કાર્યક્રમના પ્રારંભથી અંત સુધી પ્રાયોજકે પોતાના તરફથી ઓળખ માટે બેજ ધારણ કરેલા સ્વયંસેવકોને પ્રેક્ષાગારમાં રાખવાના રહેશે. પ્રેક્ષાગારમાં રાખેલા સ્વયંસેવકોના નામની યાદી ખાતાધિકારીશ્રીને કાર્યક્રમના અગાઉના દિવસે પ્રાયોજકે આપવાની રહેશે. |
| (૭) | કાર્યક્રમ યોજવા અંગે કાયદા અનુસાર નીચે પરિશિષ્ટ – 'સી' માં દર્શાવ્યા મુજબના તમામ જરૂરી પરવાના સંબંધિત સરકારી – અર્ધ સરકારી અધિકારીશ્રી પાસેથી મેળવીને પ્રાયોજકે કાર્યક્રમના અગાઉના દિવસે મેનેજરશ્રીને રજુ કરવાના રહેશે તેમજ જરૂરી પરવાનાઓ રજુ કર્યા સિવાય કોઈ પણ સંજોગોમાં કાર્યક્રમ યોજવા દેવામાં આવશે નહીં તેમજ હોલનો કબજો મળશે નહી. |
| (૮) | કાર્યક્રમ અંગેની ટીકીટોનું વેચાણ ઓડીટોરીયમ ખાતે તે માટેની નિર્ધારીત જગ્યામાં પ્રાયોજક અગર તેના અધિકૃત પ્રતિનિધિ ધ્વારા જ કરવા દેવામાં આવશે. આ માટે એક દિવસનો એક શો દીઠનો બુકીંગ ઓફિસનો નિયત રાખેલ ચાર્જ વસુલ કરી આપવામાં આવશે. એડવાન્સ બુકીંગ સવારે ૯–૦૦ થી સાંજે ૭–૦૦ સુધી જ બુકીંગ ઓફિસમાંથી કરી શકાશે. જયારે કાર્યક્રમના દિવસે સવારે ૯–૦૦ કલાકથી કાર્યક્રમના સમય સુધી બુકીંગ ઓફિસનો ઉપયોગ કરી શકાશે. કાર્યક્રમના વધુમાં વધુ દિન–૭ અગાઉ ફાળવવામાં આવશે. |
| (૯) | ઓડીટોરીયમના કાર્યક્રમ માટે કબજો લેતી વખતે મેનેજર / ઓડીટોરીયમ ખાતે ઉપસ્થિત કર્મચારીની હાજરીમાં તમામ સાધન–સામગ્રી, બેઠકો વિગેરે તપાસી લઈ નિર્ધારીત પત્રકમાં પ્રાયોજકે સહી કરવાની રહેશે. આગ, હુલ્લડ, ધાંધલ અથવા બીજા અન્ય કારણે ઓડીટોરીયમના માલ મિલકત, વીજળી જોડાણો, રંગમંચના સાધનો, ખુરશીઓ તથા ઓડીટોરીયમની મિલકતને નુકશાન થાય કે ગુમ થાય તેવા કિસ્સામાં મ્યુનિ. કમિશ્નરશ્રી અથવા અધિકૃત અધિકારીશ્રી નકકી કરે તેવી નુકશાનીની રકમ ઓડીટોરીયમ ભાડે રાખનાર પાસેથી વસુલ લેવામાં આવશે. નુકશાનીની આકારણી કરવામાં આવેલ નિર્ણય છેવટનો રહેશે. જમા કરેલ ડીપોઝીટની રકમ કરતાં નુકશાનીની રકમ તથા કાર્યક્રમ દરમ્યાન થયેલ ખર્ચની લેણી રકમ વધુ થાય તો અરજદારે તાકીદે ભરપાઈ કરવાની રહેશે. મુદત વિત્યે મ્યુનિ.કમિશ્નરશ્રી સુરત મહાનગરપાલિકાના માંગણા મુજબ વસુલ કરવા હકકદાર રહેશે. તેમજ આ અંગે જરૂર પડયેથી બીજા કાયદેસરના પગલાં લઈ શકાશે. આ અંગે કોર્ટમાં દાવો ચલાવવા ફકત સુરત સીવીલ કોર્ટનું જયુરીડીકશન રહેશે. (Subject To Surat Jurisdiction Only) |
| (૧૦) | કાર્યક્રમમાં ભાગ લેનાર સિને કલાકારો અગર અન્ય ટોચના કલાકારોના ચોકકસ નામોની જ પ્રાયોજકે જાહેરાત કરવાની છે. મતલબ કે ટીકીટના વધુ વેચાણ માટે પ્રેક્ષકમાં છેતરામણી જાહેરાત પ્રાયોજકે કે તેના પ્રતિનિધિઓએ કોઈપણ રીતે કરવાની નથી. આ પ્રકારની છેતરામણી જાહેરાતના પરિણામે ઓડીટોરીયમના કાર્યક્રમ દરમ્યાન ધમાલ થાય અને તેથી હોલની માલ–મિલકતને નુકશાન થાય નહી તે માટેની તમામ જવાબદારી પ્રાયોજકની રહેશે. |
| (૧૧) | કાર્યક્રમ પુર્ણ થયા બાદ તુરત જ રાત્રીના સમયે સેટીંગ્સ વિગેરે નીચે ઉતારવાનુ શકય બનશે નહીં એવા સંજોગોમાં |

| | |
|---|---|
| | કાર્યક્રમના બીજા દિવસે ખાતાકીય વડા ધ્વારા જણાવેલ સમય મર્યાદામાં બહારથી લાવવામાં આવેલ સેટીંગ્સ, ફર્નિચર વિગેરે ખસેડી લેવાનું ફરજીયાત રહેશે. તેમ કરવામાં પ્રાયોજક નિષ્ફળ જશે તો પ્રાયોજકના હિસાબે અને જોખમે તેવી સામગ્રી દૂર કરવામાં આવશે અને તે અંગે થયેલ ખર્ચની રકમ પ્રાયોજક પાસેથી ખાતાકીય વડા ધ્વારા નકકી કરેલ રકમ ડીપોઝીટમાંથી વસુલ કરવામાં આવશે. |
| (૧૨) | હોલમાં કોઈ આકસ્મિક સંજોગો કે અકસ્માત પ્રસંગોએ થતાં નુકશાન પેટે સુરત મહાનગરપાલિકા જવાબદાર રહેશે નહી. |
| (૧૩) | સ્ટેજ, મુખ્ય પડદા, ઝાલર, સાઈડ વિંગ્સ તથા પ્રિમાઈસીસની અન્ય જગ્યા પર કોઈપણ પ્રકારનું સુશોભન કરી શકાશે નહી કે સુશોભન માટે ખીલી, સેલોટેપ વિગેરેનો ઉપયોગ કરી શકાશે નહી. તેમજ ઓડીટોરીયમના પ્રેક્ષાગારમાં પણ સુશોભન કરી શકાશે નહી કે બેનર મુકી શકાશે નહી. |
| (૧૪) | ઓડીટોરીયમમાં રજુ થનાર કોઈપણ કાર્યક્રમમાં ફટાકડા, દારૂખાનુ, મશાલ તથા અન્ય સળગી ઉઠે તેવા પદાર્થો, અગ્નિની જવાળાઓ થાય તેવા પ્રયોગો, જોખમકારક સ્ફોટક પદાર્થોનો ઉપયોગ પ્રેક્ષાગારમાં કે સ્ટેજ ઉપર કરવા દેવામાં આવશે નહીં. જે અનુસાર સળગે તેવા, ધડાકો થાય તેવા પદાર્થો, ધૂમાડો થાય તેવા ધૂપ–દિપ ઓડીટોરીયમમાં લાવી કે રાખી શકાશે નહીં. જેના ભંગ બદલ ઉભી થતી તમામ જવાબદારી પ્રાયોજકની રહેશે. |

## <u>સામાન્ય નિયમો</u>

| | |
|---|---|
| (૧) | ઓડીટોરીયમ હોલમાં કોઈપણ પ્રકારની ખુરશીઓ મુકવા દેવામાં આવશે નહીં તથા વધારાની વ્યકિતઓને દાખલ કરવા દેવામાં આવશે નહીં અને જો વધારાની વ્યકિતઓએ પ્રવેશ મેળવેલ હશે તો નિયમ ભંગ કરવા બદલ શિક્ષા/દંડ કરવાની સત્તા વિભાગીય વડાશ્રીને રહેશે. |
| (૨) | ઓડીટોરીયમની અંદર સ્વચ્છતા જળવાઈ રહે તે જ હેતુથી પ્રેક્ષાગારમાં કોઈપણ પ્રકારના ખાદ્ય પદાર્થો, ઠંડાપીણા, પાનમસાલા, ગુટખા લઈ જવા દેવામાં આવશે નહીં. બહારના ફેરીયાઓને કે સ્વંયસેવકોને કોઈપણ ખાવાપીવાની વસ્તુઓ વેચવા/વિતરણ કરવા દેવામાં આવશે નહીં. ઓડીટોરીયમની અંદર આવી ચીજ–વસ્તુઓ લઈ જવાની સખત મનાઈ છે. જેના ભંગ બદલ તેના ખાતાધિકારીશ્રી દંડ કરી શકશે. આ વ્યવસ્થા જળવાઈ રહે તે બાબત આયોજકે પ્રેક્ષકો શરૂઆતમાં પ્રેક્ષાગારમાં જાય ત્યારે અને મધ્યાંતરમાં બહાર આવી ફરીથી અંદર જાય તે સમયે પોતાના વોલેન્ટીયર્સ ધ્વારા ચેકીંગ કરાવી, આવી ચીજવસ્તુઓ પ્રેક્ષાગારમાં ન જાય તે બાબતે આયોજન કરવાનું રહેશે. |
| (૩) | ઓડીટોરીયમના ઓડીટોરીયમ સાથે સંકળાયેલ સ્ટાફ, મ્યુનિ.કમિશ્નરશ્રીએ જે અધિકારીશ્રીને અધિકાર આપ્યો હોય તેવા કર્મચારીઓ તથા સુરત મહાનગરપાલિકાના પદાધિકારીશ્રીઓ ઓડીટોરીયમના વપરાશ દરમ્યાન કોઈપણ ભાગમાં પ્રવેશ કરી શકશે. |
| (૪) | અણધાર્યા કે આકસ્મિક સંજોગોમાં ઓડીટોરીયમની સુવિધામાં એરકન્ડીશન, સાઉન્ડ તથા ઈલેકટ્રીક પાવર વિગેરે કોઈપણ જાતનો વિક્ષેપ થાય તો તે માટે મહાનગરપાલિકાની જવાબદારી રહેશે નહીં. |
| (૫) | ઓડીટોરીયમમાં યોજાયેલ કોઈ કાર્યક્રમમાં કોપી રાઈટનો ભંગ થતો હશે તો તે માટે મહાનગરપાલિકાની જવાબદારી રહેશે નહીં. |
| (૬) | સુરત મહાનગરપાલિકા ધ્વારા ઓડીટોરીયમ મનોરંજન કાર્યક્રમ જેવા હેતુ માટે ફાળવવામાં આવશે. આવા કાર્યક્રમ કરવા બાબતે કેન્દ્ર સરકાર / રાજયસરકાર / સ્થાનિક સ્વરાજયની સંસ્થા / પોલીસ વિભાગના લાગુ પડતા કાયદાઓ મુજબ જે કાંઈ અન્ય લાયસન્સ / પરવાનગી / મંજુરી લેવાની થતી હોય તો તે આયોજકે પોતાના ખર્ચે અને જોખમે સંબંધિત ખાતાઓ / વિભાગમાં અરજી કરી મેળવવાના રહેશે, આવા કાયદાઓના ભંગ થશે તે અંગેની સઘળી જવાબદારી આયોજકની રહેશે. |
| (૭) | ઓડીટોરીયમ લગ્ન કે લગ્નના સબંધી કે તેને અનુરૂપ કોઈ પણ કાર્યક્રમ માટે ભાડે આપવામાં આવશે નહીં. |
| (૮) | ઓડીટોરીયમમાં રજુ કરવામાં આવનાર કાર્યક્રમની રૂપરેખા અને પ્રવચનો, વ્યાખ્યાનો, પરિસંવાદો વિગેરે હોય તો તે અંગેની માહિતી એક દિવસ અગાઉ ખાતાધિકારીશ્રીને આપવાની રહેશે. |
| (૯) | ઓડીટોરીયમની બેઠક વ્યવસ્થાની કોપી સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ ઉપરથી મેળવી શકાશે. |
| (૧૦) | કાર્યક્રમ અંગેની જાહેર ખબર, આમંત્રણ પત્રિકા કે ટીકીટો કાઢવામાં આવે તો તેના ઉપર સંબંધિત પરિશિષ્ટમાં જણાવ્યા મુજબ ઓડીટોરીયમનું નામ, સીટનંબર તથા પ્રાયોજક જે નામથી બુકીંગ કરાવે તે નામ આમંત્રણ પત્રિકામાં ફરજીયાત લખવાનું રહેશે. વધુમાં તે જ નામે રીફંડ કરવામાં આવનાર હોય તે જ નામનું બેંક એકાઉન્ટ હોવું જરૂરી છે. |
| (૧૧) | બુકીંગ કરાવ્યાના દિન–૨ માં ઓનલાઈન પોલીસ પરવાનગી પત્ર જનરેટ કરી, ઓળખ તથા રહેઠાણના પુરાવા તરીકે |

| | |
|---|---|
| | નીચે મુજબના પુરાવા પૈકીના કોઈ પણ એક પુરાવાની નકલ તથા રીફંડ માટે કેન્સલ ચેકની નકલ જે તે ઓડીટોરીયમ ખાતે રજૂ કરવાનો રહેશે.<br>ઓળખ અંગેના પુરાવાની વિગતઃ– આધાર કાર્ડ, પાન કાર્ડ, ઈલેકશન કાર્ડ, ડ્રાઈવીંગ લાયસન્સ, પાસપોર્ટ(NRI માટે ફરજીયાત)<br>રહેઠાણ અંગેના પુરાવાની વિગતઃ– લાઈટ બીલ, ટેલીફોન બીલ, વેરા બીલ, ભાડા કરાર |
| (૧૨) | ઈલેકટ્રીકલ લાઈટ, પંખા, એ.સી.વગેરેના વપરાશ માટે સંબંધિત ખાતાધિકારીશ્રીનો અંકુશ રહેશે. |
| (૧૩) | ઓડીટોરીયમના પ્રિમાઈસીસમાં નિયત કરેલ જગ્યા સિવાય અન્ય જગ્યાએ ચા–નાસ્તો કે કોઈ વસ્તુ તૈયાર કરાવી કે પીરસી શકાશે નહી અથવા જે ઓડીટોરીયમમાં ફુડકોર્ટનો ઈજારો અમલમાં હોય તેવા સંજોગોમાં ઈજારદાર પાસે જ લેવાનું રહેશે. |
| (૧૪) | ડીપોઝીટમાંથી રીફંડ કરવાની થતી રકમ કાર્યક્રમ પુરો થયા બાદ સાધારણ રીતે દિન–૩૦ માં પરત કરવામાં આવશે. |
| (૧૫) | ઓડીટોરીયમનો ઉપયોગ કરનાર પોતાના પ્રસંગ દરમ્યાન કોઈ અકસ્માત અગર ગુન્હો થાય તો તેની સઘળી જવાબદારી હોલનો ઉપયોગ કરનાર પ્રાયોજકની રહેશે. |
| (૧૬) | ઓડીટોરીયમની બેઠક ક્ષમતાની મર્યાદામાં ટીકીટ કે આમંત્રણ પત્રિકા પર બેઠક નંબર અવશ્ય દર્શાવવાનો રહેશે તેમજ "ઓડીટોરીયમમાં કોઈપણ પ્રકારના ખાદ્યપદાર્થ, ઠંડાપીણા પાન–મસાલા તેમજ ગુટખા લઈ જવાની સખત મનાઈ છે" જે નોંધ પ્રાયોજકે ટીકીટ તેમજ આમંત્રણ પત્રિકામાં છપાવવા ફરજીયાત રહેશે. જેનો નમુનો વેચાણ કરતા પહેલાં ઓડીટોરીયમના મેનેજરશ્રીને રજુ કરવાનો રહેશે. જો ઉપરોકત વિગત ટીકીટ/આમંત્રણ પત્રિકામાં છપાવવામાં ન આવશે અને હોલમાં ગંદકી જણાયે સફાઈ ચાર્જ વસુલ કરવામાં આવશે. |
| (૧૭) | કાર્યક્રમનુ લગતું જાહેરાતનું ફકત એક બેનર/બોર્ડ કાર્યક્રમની તારીખથી ૮(આઠ) દિવસની અંદર વિનામુલ્યે મુકવા દેવામાં આવશે. પરંતુ તે પહેલા વધુમાં વધુ ૧૫ દિવસની મર્યાદામાં મુકવા માટે એક બોર્ડ દીઠ પરિશિષ્ટ–જી માં દર્શાવ્યા મુજબનો ચાર્જ આપવાનો રહેશે અને કાર્યક્રમ પુરો થયેથી જાહેરાતનું બોર્ડ દિન–૧ માં લઈ જવામાં ન આવશે તો જે તે ઓડીટોરીયમની આ અંગેની કોઈ જવાબદારી રહેશે નહી. (સાયન્સ સેન્ટર સિવાય અન્ય ઓડીટોરીયમ માટે લાગુ પડશે.) |
| (૧૮) | ઉકત ઓડિટોરીયમ ભાડે રાખનાર આયોજક / વ્યકિત/ સંસ્થાએ ઓડિટોરીયમના પરિસરમાં જ આવેલ સુરત મહાનગરપાલિકા નિયુકત એજન્સી / ઈજારદાર સંચાલિત 'પે એન્ડ પાર્ક' પાર્કિંગ સુવિધાનો ઉપયોગ કરવાનો રહેશે. તેમજ ઓડિટોરીયમ પ્રિમાઈસીસમાં અન્ય કોઈ પણ સ્થળે પાર્કિંગ કરાવી / કરી શકશે નહી તેમજ જો પાર્કિંગનો ઈજારો આપવામાં આવેલ ન હોય ત્યારે આયોજકે પોતે સ્વયં સેવક રાખી ફ્રી પાર્કિંગ કરાવવાનું રહેશે. |
| (૧૯) | ઓડીટોરીયમમાં ઈલેકટ્રીક પાવરના વિક્ષેપ દરમ્યાન જો જનરેટરનો ઉપયોગ કરવામાં આવે તો પ્રતિ યુનિટ નિયત કરેલ ચાર્જ વસુલ કરવામાં આવશે. |
| (૨૦) | ઓડીટોરીયમના ઉપરોકત તમામ નિયમોના અર્થઘટન માટે અને તેમાંથી ઉપસ્થિત થતી કોઈપણ બાબતમાં મ્યુનિ. કમિશ્નરશ્રીનો નિર્ણય આખરી અને બંધનકર્તા ગણાશે. જેના ભંગ બદલ મ્યુનિ.કમિશ્નરશ્રી કે તેના અધિકૃત અધિકારીશ્રી દંડ કરી શકશે. |

## પરિશિષ્ટ – સી

## –: પ્રાયોજકો ધ્વારા ફરજીયાત રીતે મેળવવાના પરવાના, મનોરંજન કર, મ્યુનિ. વેરા વિગેરે બાબત :–

## ઓડીટોરીયમ/આર્ટગેલેરી/એમ્ફી થીયેટરને લગતાં સામાન્ય નિયમો

| | |
|---|---|
| (૧) | ગીત, સંગીત, નૃત્ય, નાટય, રાસ–ગરબા, ગઝલ, કવ્વાલી, મુશાયરો તથા કવિ સંમેલનો, ફીલ્મી તેમજ સુગમ ગીતો વિગેરે જેવા તમામ પ્રકારના સાંસ્કૃતિક કાર્યક્રમો માટે સચિવશ્રી, ગુજરાત રાજય સંગીત નાટક અકાદમી, સચિવાલય, ગાંધીનગર પાસેથી યોગ્યતા સ્ક્રીપ્ટ લાયસન્સ મેળવવાનું રહેશે. જેની ચકાસણી માટે સરકારશ્રી ધ્વારા મોકલેલ અધિકારી કે નિયુકત |

| | |
|---|---|
| | પ્રતિનિધિને ગુજરાત રાજય સંગીત અકાદમી, ગાંધીનગર તરફથી આપવામાં આવતા યોગ્યતા પ્રમાણપત્રની શરત નં.૧ મુજબ ગુજરાત રાજય સંગીત નાટક અકાદમીની કચેરીના સચિવ તજજ્ઞ, વિભાગના સચિવશ્રી, મંત્રીશ્રી તથા કચેરીના સચિવ મારફત નિયુકત થયેલ અધિકારી, કર્મચારીને નાટકના જાહેર મનોરંજનનો કાર્યક્રમ યોજવાનો હોય કે યોજાઈ રહયા હોય તેવા કોઈપણ સ્થળે અબાધિત પ્રવેશ કરવાનો અધિકાર રહેશે અને તેમને પ્રેક્ષાગારમાં અનુકુળ બેઠક વ્યવસ્થા ફરજીયાત રીતે ફાળવી આપવાની રહેશે. |
| (૨) | પોલીસ કમિશ્નરશ્રી સુરત પાસેથી "પરફોર્મન્સ લાયસન્સ" તથા ટીકીટ સેલીંગ સેન્ટરનું લાયસન્સ મેળવવાનું રહેશે. ઓડીટોરીયમના બુકીંગ ઓફિસનો વપરાશ કરવા અંગે ટીકીટ સેલીંગ સેન્ટરનું લાયસન્સ રજુ કરવાનું રહેશે. બુકીંગ ઓફિસમાંથી ફી વગરના આમંત્રણ પત્રિકા વેચી શકાશે નહીં. પોલીસ કમિશ્નરશ્રી સુરત પાસેથી " પરફોર્મન્સ " લાયસન્સ તથા ટીકીટ સેલીંગ સેન્ટરનું લાયસન્સ મેળવી એક દિવસ અગાઉ મુળ કોપી રજુ કરવાની રહેશે. લાયસન્સ વિના હોલનો કબજો આપવામાં આવશે નહીં. |
| (૩) | સુરત મહાનગરપાલિકા ધ્વારા ઓડીટોરીયમમાં મનોરંજન કાર્યક્રમ જેવા હેતુ માટે ફાળવવામાં આવશે. આવા કાર્યક્રમ કરવા બાબતે કેન્દ્ર સરકાર / રાજય સરકાર / સ્થાનિક સ્વરાજયની સંસ્થાના લાગુ પડતા હાલના તથા વખતોવખત અમલમાં આવતા કાયદાઓ મુજબ જે કાંઈ અન્ય લાયસન્સ / પરવાનગી / મંજુરી લેવાની થતી હોય તો તે આયોજકે પોતાના ખર્ચે અને જોખમે સંબંધિત ખાતાઓ / વિભાગમાં અરજી કરી મેળવવાના રહેશે, આવા કાયદાઓના ભંગ થશે તે અંગેની સઘળી જવાબદારી આયોજકની રહેશે. |
| (૪) | કાર્યક્રમ પ્રવેશ ફી વિનાનો રાખ્યો હોય અને ફકત આમંત્રણ પત્રિકા રાખવામાં આવી હોય તો ઉપરના તમામ લાયસન્સો ઉપરાંત સુરત મહાનગરપાલિકાના સીધા વેરા અમલદાર પાસેથી મનોરંજન કર મુકિત ( થીયેટર ટેક્ષ ફ્રી) નું પ્રમાણપત્ર મેળવવાનું રહેશે. પ્રવેશ ફીનો દર રાખવામાં આવ્યો હશે તો ભરેલ ડીપોઝીટમાંથી થીયેટર ટેક્ષ મનોરંજન કર)ની રકમ વસુલ લેવામાં આવશે. |
